[Q - 1]. નીચેના પ્રશ્નોનાં ઉત્તર આપો.

(1) કબડ્ડીની એક ટીમમાં કેટલાક ખેલાડીઓ હોય છે?

➢ કબડ્ડીની એક ટીમમાં બાર ખેલાડીઓ અને રમતમાં એક સાથે સાત ખેલાડીઓ હોય છે.

(2) શ્યામલા રેખાને અડી ત્યારે કેટલાક ખેલાડીઓ આઉટ થયા?

➢ શ્યામલા મધ્ય રેખા અડી ત્યારે સામેની ટીમના બધા જ ખેલાડીઓ આઉટ થયા.

(3) તમે રમતા હોય તે વખતે કોઈ વિવાદ થાય તો શું કરો છો?

➢ રમતી વખતે કોઈ વિવાદ થાય તો પ્રથમ અમે અમારો મત પ્રગટ કરીએ છીએ. સામેનો પક્ષ દલીલ કરે તો અમે પણ દલીલ કરીએ છીએ. ઘણીવાર ઉગ્ર દલીલો થાય ત્યારે વડીલોની મદદ લઈએ છીએ અને આખરે સાચાને ન્યાય આપવામાં આવે છે.

[Q - 2]. નીચેના પ્રશ્નોનાં ઉત્તર આપો.

(1) કબડ્ડી માં આઉટ થવું એટલે શું? કેવી રીતે આઉટ થવાય?

➢ જ્યારે કોઈ ખેલાડી સામેની ટીમમાં કબડ્ડી...... કબડ્ડી...... બોલતો જાય છે. ત્યારે સામેની ટીમની દોરેલી રેખાને અડકે નહીં તો તે આઉટ ગણાય. વળી તે પોતાના ભાગમાં પરત આવે ત્યાં સુધી કબડ્ડી...... કબડ્ડી...... બોલતાં શ્વાસ રોકી રાખવાનો હોય છે. આમ કરવામાં ચૂક થાય અને શ્વાસ છૂટી જાય તો પણ તે ખેલાડી આઉટ ગણાય છે. વળી પ્રતિસ્પર્ધી ટીમના ખેલાડીઓ તેને પકડી લે અને વચ્ચેની મધ્ય રેખા ને અડકવા ન દે તો આ સ્થિતિમાં તેને આઉટ આપવામાં આવે છે. જ્યારે બીજા પક્ષનો ખેલાડી કબડ્ડી...... કબડ્ડી......બોલતો આવે છે અને આ પક્ષના કોઇ ખેલાડી અથવા વધુ ખેલાડીઓને અડીને પોતાના ભાગમાં પાછો ફરે તો સ્પષ્ટ થયેલ ખેલાડીઓ આઉટ ગણાય છે.

(2) કેટલીક રમતોમાં દાવ લેનાર બીજા ને અડવા જાય છે. કેટલીક રમતો માં શોધવા જાય છે. કઈ કઈ રમતમાં આ પ્રમાણે થાય છે.

- ખો-ખો, કબડ્ડી,સાંકળ, સાતતાળી,સપતા આડી-પાટો, લંગડી, આંબલી-પીપળી અને સાતોડિયું રમતમાં દાવ લેનાર બીજાને અડવા જાય છે. જ્યારે સંતાકૂકડી અને આંધળો પાટો રમતમાં બીજાને શોધવા જવાનું હોય છે.

(3) તમે બીજી કઈ રમત રમો છો? તેમાં દાવ લેનાર એ શું કરવાનું હોય છે?

- અમે બીજી ઘણી રમતો રમીએ છીએ. જેવી કે ગિલ્લી-દંડા, ક્રિકેટ, કેરમ, સાપસીડી,હોકી,બાસ્કેટબોલ વગેરે. આ બધી રમતોમાં દાવ લેનાર એ વિવિધ પ્રકારની ક્રિયાઓ કરવાની હોય છે. જેમકે, ગિલ્લી-દંડામાં દાવ લેનારે ગિલ્લીને દંડા વડે રમવાની હોય છે. ક્રિકેટમાં દાવ લેનાર એ બેટ અને બોલ વડે રન બનાવવાના હોય છે.કેરમમાં કૂકરીને સ્ટ્રાઈકર વડે કેરમ બોર્ડ ના ચારેય ખાણમાંથી કોઈપણ એક ખાનામાં નાખવાની હોય છે. સાપસીડી માં પાસાને રમીને આગળ વધવાનું હોય છે. હોકીમાં હોકી સ્ટીક વડે દડાને ફટકારવાનો હોય છે. બાસ્કેટબોલની રમતમાં જેના હાથમાં બોલ આવે તેણે બાસ્કેટમાં નાખવા નો હોય છે. આમ, જુદી જુદી રમતોમાં દાવ લેનાર એ વિવિધ કૌશલ્ય બતાવવાના હોય છે.